જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૧૫ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૨૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૬ કેસ કરી ૭૪ વ્યક્તિઓને ઝડપી ૪૩૦ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૯/૧૫**

**કાગડાપીઠઃ** જાગૃતિબહેન મહેશભાઈ ચુનારા (ઉ.વ.૧૫) (રહે. કંટોડીયાવાસ અંકુરમીલની સામે રાયપુર દરવાજા બહાર) ને તા.૧૫/૧૧/૧૫ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી રાહુલ દીલીપભાઈ ચુનારા ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ જાગૃતિબહેનની માતા લક્ષ્મીબહેન ચુનારાએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એમ મકવાણા ચલાવે છે.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૩૦/૧૫**

**સેટેલાઇટઃ** રાકેશભાઇ રમણલાલ શાહ (રહે.ઇશ્વર સોસાયટી, ઉત્તમનગર ટોલનાકા, જવાહરચોક, મણીનગર) એ તા.૧૬/૧૧/૧૫ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૧૪ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી મુંબઇ ખાતે આવેલ કે.એસ.આર. ફ્રાઇટ ફોરવર્ડર પ્રા.લી. કંપનીનાં માલીક અથવા ડાયરેક્ટરે અમદાવાદ શિવરંજની ચાર રસ્તા ખાતે આવેલ ચીરીપલ હાઉસ ખાતેથી કંપનીમાંથી ડેનીમ કાપડ ૫૮૫૯૨ યાર્ડ કિંમત રૂપિયા ૮૫,૦૦,૦૦૦/- નું ડેનીમ કાપડ મેળવી લઇ, ઇંડોનેશીયા સ્થિત ઇંડોનેશીયા મેકસ મોડા ઇન્ડો ગેબલ કંપનીને નહીં પહોંચાડી, તે કાપડ સગે-વગે કરી તેનુ અવેજ મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૩૧/૧૫**

**નારણપુરા :** પ્રકાશભાઇ વલ્લભભાઇ શાહ (રહે.વૈકુંઠ એપાર્ટમેન્ટ, સંઘવી સ્કુલની બાજુમાં, સોમનાથ સોસાયટી સામે, નારણપુરા) એ તા.૧૬/૧૧/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ ના ૫/00 થી તા.૧૬/૧૧/૧૫ સવારનાં ૬/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૨,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૩૩૨/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** રંજનબહેન મનોહરભાઇ આઠવલે (ઉ.વ.૬૪)(રહે.આનંદ ટેનામેન્ટ, સ્વામીનારાયણ સ્મૃતિ મંદિર સામે, ઘોડાસર) તા.૧૬/૧૧/૧૫ બપોરનાં ૪/30 વાગ્યાના સુમારે જશોદાનગર, કેડીલાબ્રીજ, રાજવી રેસીડન્સી નજીકથી પતિ સાથે એક્ટિવા પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ વર્ષના આશરાનાં) રંજનબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૨,000/- તથા સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૮,000/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રંજનબહેન આઠવલે એ જીઆઈસીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**ઇસનપુર :** દશરથભાઇ હંસારામ પ્રજાપતિ (રહે.આશીર્વાદ ફ્લેટ, ઓઢવ) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૧૫ સાંજનાં ૭/30 વાગ્યાના સુમારે પોતાની પત્ની દેવીકાબહેન સાથે નારોલ નરોડા રોડ, કેડિલા બ્રીજ ઉતરતાં હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દેવીકાબહેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૧૫,000/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**બાપુનગરઃ** રેખાબહેન શિવકુમાર રાજપુત (રહે.હરદાસનગર જોડકા વિભાગ ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) તા.૧૫/૧૧/૧૫ રાતના ૮/30 વાગ્યાના સુમારે હરદાસનગર કલ્યાણકેન્દ્ર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેખાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૫,000/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેખાબહેન રાજપુતએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એ પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૩/૧૫**

**વાડજ : (૧)** રમેશભાઈ ગણપતભાઈ સોલંકી (ઉ.વ.૬૦)(રહે.ગીરનારીની ચાલી સામે ચંદ્રભાગાનો ખાડો જુનાવાડજ) એ કોઈ કારણસર તા.૧૫/૧૧/૧૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં રાતના ૧૧/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરપાલસિંહ અજીતસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાડજ : (૨)** જશીબહેન જીતેન્દ્રભાઈ મકવાણા (ઉ.વ.૩૦)(રહે.જય ચામુંડાની ચાલી મફાભાઈ પીઠાની પાછળ રામાપીરનો ટેકરો જુનાવાડજ) એ પતિ સાથે મનમેળ નહોઈ મનમાં લાગી આવતા તા.૧૬/૧૧/૧૫ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિયરમાં ઘરે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એફ.સિદ્દીકી ચલાવે છે.

**દરીયાપુરઃ** મહેરાજબીબી ઉસ્માનભાઈ શેખ (ઉ.વ.૭૦)(રહે.બલુચાવાડ કોરીવાડ પોળ દરીયાપુર) એ કોઈ કારણસર તા.૧૫/૧૧/૧૫ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૬/૧૧/૧૫ બપોરના ૩/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી ડી ચાવડા ચલાવે છે.

**ચાંદખેડાઃ** હીરાબહેન અરજણજી ઠાકોર (ઉ.વ.૮૫)(રહે.ઈન્દીરા આવાસના હુડકા વિસતમાતાના મંદિર પાસે આઈઓસી રોડ ચાંદખેડા) એ બિમારીથી કંટાળી તા.૧૬/૧૧/૧૫ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર એમ દવે ચલાવે છે.

**બાપુનગરઃ** ભાવનાબહેન રમેશભાઈ ઠાકોર (ઉ.વ.૨૦)(રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૬/૧૧/૧૫ બપોરના ૩/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના પાઈપમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હસમુખસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)